સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

'લોકપાલ નથી' - મ્હેણાં ને હવે લાગી જશે બૂચ!
સત્તાના વાવઝોડાં સામે હવે ઝઝૂમશે બૂચ!
લાગી જશે બૂચ હવે મનમાની કરનારા પર -
નાનાં-મોટાં કૌભાંડો પર હવે લાગી જશે બૂચ!
(આખરે લોકપાલ મળ્યા ખરા)

પી જાય ગોળી,
આચાર સંહિતાને
ઠપ-કા મુક!
(ચૂંટણીપંચની ઢીલી નીતિ)

છૂટે જામીને
ને કરે કલરવ -
જેલનાં પંખી..
(બ્હાનાં, છટકબારી)

ચિંતન

રાજસેવા મનુષ્યાણામ્સિધારાવલેહનમ્ ।
વ્યાઘીગ્રામપરિષ્વંગો વ્યાપી બદન ચુંબનમ્ ॥'

સુભાષિત રત્નભાંડાગારના ત્રીજા પ્રકરણમાં 'રાજસેવક'ના લક્ષણ આપવામાં આવ્યા છે : 'જે વ્યક્તિની રાજાની સેવા કરવાની હોય છે (અત્યારના પ્રધાનશ્રીઓ) તેમને તો તલવારની ધાર પર જ (ચાલવા) ચાટવાની હોય છે - વાઘણના અંગોને આલિંગન આપવા જેવું અને સાપણના મુખને ચૂંબન આપવા જેવું જ એ કઠિન કાર્ય છે.'

રાજધર્મ-રાજસેવકની સેવા ખૂબ જ કપરી-કઠિન હોય છે. આ શ્લોકમાં એની સરખામણી તલવારની ધાર ચાટવા જેવી, વાઘણને આલિંગન આપવા જેવી અને સાપણને મોઢાં પર ચૂંબન આપવા જેવી કઠિન છે. આમાં જરા સરખી પણ જો ચૂક થાય તો 'મૃત્યુ' નક્કી જ હોય છે. લાંબો જેલવાસ તો નિશ્ચિત જ છે.

રાજાની સેવા કરનારા સચિવો, અંગત મદદનીશો, પ્રધાનશ્રીઓ-પોલીસો અને જિલ્લાના બધા વડા અધિકારીઓ આવી પરિસ્થિતિમાં જ જીવતા હોય છે રાજાની ઇચ્છા મુજબ કોઇને માગે તે કાયદા વિરૂદ્ધની જમીનો અને અન્ય લાભો આપવા પડે - ઉદ્યોગપતિઓને અનિચ્છાએ સાચવવા પડે, સાચા ન્યાયી અધિકારીઓને સજા કરવી પડે, ગુંડાઓને જેલમાં સગવડ આપવી પડે, પ્રધાનોના ગુન્હા છાવરવા પડે. પોતાના બચાવ માટે તપાસપંચ સ્થાપવાં પડે એમાં પણ ન્યાયીધીશો આંજ્ઞાકીત મૂકવા પડે, આમ છતાં ન્યાયી-ટેકી કે પોલ જોઇ જનારા ગુંડાને 'એન્કાઉન્ટર' બહાને ઉડાવી પણ દેવા પડે!! એમાં ચૂક કરનારા જેલમાં વર્ષો વિતાવે!!

સુવિચાર

- આજ્ઞાંકિત, પૂજ્યભાવ અને મિથ્યા પ્રશંસા કરનાર લોકોથી ઘેરાયેલો માણસ જનરલ થઇ શકે.. મહાત્મા નહીં- *- બાજપાઇજી*
- તમે સારા વિદ્યાર્થી હોવ તો તમને કોઈ ખરાબ ગુરૂ નહીં મળે... અને તમે ખરાબ વિદ્યાર્થી હોવ તો તમને કદી સારા ગુરૂ નહીં મળે *- મકરંદ દવે*
- વેદથી મોટું કોઇ શાસ્ત્ર નથી, માતા સમાન કોઇ ગુરૂ નથી, ઉપવાસથી મોટું કોઇ તપ નથી *- વેદ વ્યાસ*
- ધર્મ એટલે સદવર્તનનો નિયમ, સદવર્તન કોઇ ધાર્મિક વ્રત કે અનુષ્ઠાન કરતાં અધિક ફળદાયક છે *- ડો.ચંદ્રકાન્ત મહેતા*
- આજકાલ સંબંધો હૈયાના નહીં, હોદ્દાના છે *- ગુણવંત શાહ*
- ફળને ચાખ્યા વિના વૃક્ષ વિશે કંઇ કહેશો નહીં *- અરબી કહેવત*
- જે લોકો ભૂતકાળના રોદણા રડતા હોય તેઓ વર્તમાનમાં નિષ્ફળ હોય છે *- ધર્મ સૂત્ર*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આપણે અજાણ્યા સામે વિનાકારણ સ્મિત કરતાં નથી-અરે! એટલું જ નહીં ઘરમાં પરિવારના સભ્યો સવારે ઉઠે ત્યારે પણ હલ્લો હાય! જયશ્રી કૃષ્ણ કે સ્મિતની આપ-લે કરતાં નથી- એકમેકનું 'સુઝેલુ' મોઢું જ જોઇ યાંત્રિક રીતે કામે ચઢીએ છીએ.

એક માણસ પોતાની મસ્તીમાં જીવતો કોઇને વંદન, કોઇને સ્મિત આપતો.

એણે એક ભિક્ષુકને સ્નેહાળ સ્મિત આપ્યું. ભિક્ષુક ખૂબ ખૂશ થયો. ભિક્ષા તો ઘણી મળી જ હતી. સ્મિતના આનંદમાં એ રેસ્ટોરાંમાં ખાવા ગયો - વેઇટરને સ્મિત સાથે મોટી રકમ 'ટીપ'માં આપી.

સ્મિત સાથેની ટીપથી વેઇટર ખૂશ થયો અને એ ટીપની રકમ એણે રેસ કોર્સમાં લગાવી - લાખો રૂપિયા મળ્યા - એણે રસ્તામાં જેટલા ગરીબ-ફકીર-ભિક્ષુક મળ્યા બધાને સારી એવી રકમ ભેટમાં આવી-સૌને સ્મિત સાથે આનંદ વહેંચ્યો.

પોતાના ઘરમાં ઓટલા પાસે એક નાનું કુરકુરીયું ઠંડીથી ધ્રૂજતું હતું. વેઇટરને દયા આવી અને ઘરમાં લીધું અને નાની સરખી પથારી કરી હૂંફ આપી. ગલુડિયું મોજથી સૂઇ ગયું.

પરંતુ મધરાતે મકાનમાં આગ લાગી-કુરકુરીયું પ્રથમ જાગ્યું - અને જોરજોરથી ભસવા લાગ્યું. વેઇટર જાગી ગયો અને કુરકુરીયાંને લઇ બહાર નીકળી ગયો. ઘર ભસ્મીભૂત થઇ ગયું.

એક સ્મિતથી શરૂ થયેલો સિલસિલો કેટલો વ્યાપ બન્યો? આપણે સૌ એકમેકને સ્મિત આપવાનું ક્યારે શરૂ કરીશું?

Email - sureshchandrabhatt18@gmail.com

આમળામાં નિત્ય લક્ષ્મીનો વાસ છે અને તેના નિત્ય સેવનથી શરીરમાં લક્ષ્મીનો (આરોગ્યરૂપી) વાસ થાય છે, આમળા વૃક્ષ વિષ્ણુ ભગવાનનું પ્રિય વૃક્ષ મનાય છે

એક વિસરઇ ગયેલ કે ન સમજાયેલ અણમોલ અલૌકિક અમૃતફળ કે જે સાચા અર્થમાં ધાત્રીફળ, યૌવનફળ, દિર્ઘાયુફળ, કાયાકલ્પફળ, સર્વદોષહરા, દિવ્યફળ અને ફળોમાં પણ સર્વોત્તમ જીવનફળ એવા આમળા ફળ-વૃક્ષની ઉત્પત્તિ તથા ધાર્મિક મહત્ત્વ સમિતિ પૌરાણિક સંદર્ભો જાણીએ.

આમળા વૃક્ષની ઉત્પત્તિ અંગે આપણા પ્રાચીન ધાર્મિક ગ્રંથોમાં વિવિધ કથાઓ વર્ણવાયેલી છે જેવી કે...

(૧) અમૃતફળના ટીપાંથી :

એક વાર ભગવાન દેવેન્દ્ર ઇન્દ્ર જયારે અમૃતપાન કરતા હતા ત્યારે અમૃતનું એક ટીપું પૃથ્વી પર પડતાં તેમાંથી 'આમળાં' વૃક્ષ ઉદ્દ્ભવ્યું. અને તેનાં ફળના અમૃતમય ગુણ હોઇ તે 'અમૃતફળ' કહેવાયું!

(૨) આમણા ફળમાળા અર્પણની વિધિથી :

મહા સુદ એકાદશીનો શુભ દિવસ હતો અને તે વખતે એક યાત્રા સ્થળે દેવીશ્રી પાર્વતીજી તથા દેવીશ્રી લક્ષ્મીજી ગયેલા. જયાં બંનેએ પોતે પોતાના સ્વામી શિવજી તથા શ્રીહરિનું સ્વકથિત કોઇ નવિન દ્રવ્યથી પૂજા કરતાં ઇચ્છા થયેલ. તથા તેમનાં પૂજન અર્ચન કરતાં બંને દેવીઓની આંખોમાંથી 'આમળી' (આમળા) ના વૃક્ષની ઉત્પત્તિ થઇ. તેનાં તાજા, ચમકદાર અને રસયુક્ત ફળ માળા બનાવીને બંને દેવીઓએ સ્વ. સ્વામીઓને અર્પણ કરી. શ્રી શિવજી તથા શ્રી હરી આથી ખૂબ પ્રસન્ન થઇ પ્રગટ થયા અને વરસાદ આપ્યું કે જે ફળની માળા તમોએ અમને અર્પણ કરી છે તે ફળ અમૃત સમાન ગણાશે અને તેનો મહિમા અપરંપાર રહેશે.

(૩) બ્રહ્માજીના પ્રેમાશ્રુથી :

પ્રાચીનકાળમાં પ્રલયથી તમામ સૃષ્ટિનો વિનાશ થઇ ગયો તે દરમિયાન બ્રહ્માજી બ્રહ્મના ધ્યાનમાં લીન હતા. તે વખતે પ્રકૃતિની લીલા જોઇ એમની આંખોમાં પ્રેમાશ્રુ છલકાઇ આવતાં તેનો ટીપામાંથી 'આમળી' વૃક્ષની ઉત્પત્તિ થઇ અને એ સમયે એક આકાશવાણી થઇ કે 'હે દેવતાઓ! આ આમળાનું વૃક્ષ વૃક્ષોમાં શ્રેષ્ઠ અને શ્રી વિષ્ણુને પ્રિય છે. તે સર્વ પાપ હર્તા અને સર્વ ઇચ્છાની પૂર્તિ કરનારૂં છે!'



માહિતી મંચ - આમળા વૃક્ષ મંદિર

- કવિતા ડી. પટેલ

પુરાણા ગ્રંથોમાં કેટલેક સ્થળે અમૃત જેવા આ આમળાને રોજ સવારે ઉઠીને પ્રથમ દર્શન કરવાની સૂચના અપાયેલી છે. હસ્તામકકવત્ હામમાં આમળું દેખાય તેવું સ્પષ્ટ ઉપમા વગેરે. પણ એ જમાનામાં આપણી કલ્પનામાં ના આવે તેવો આમળાનો રોજિન્દો વપરાશ, વ્યાપકતા અને લોકપ્રિયતાનો ખ્યાલ આવે છે. અમુક જગ્યાએ સૂચવેલ ઉપાસના કરી આમળાના ઝાડ પર ચઢીને આમળાને હાથમાં પકડી બ્રહ્મને જપ કરતાં અને અમૃતફળ તેમાં આવે તે ભાવના કરતાં આમળા અમૃતમય બને છે અને આવા આમળા જેટલા ખાવામાં આવે તેટલા હજાર વર્ષ જીવન લંબાય છે! યૌવન પાછું આવે છે! અને તે માણસ સાક્ષાત દેવો જેવો બની જાય છે! સાક્ષાત શ્રી અને સરસ્વતી તેની પાસે આવીને રહે છે!

આમળાને તેના દિવ્ય ગુણધર્મો અને ઉપયોગીતાએ મનુષ્ય માટે ઇશ્વર પછી શ્રેષ્ઠ અને સાચો સાથી કહ્યો છે. પૌષ્ઠિક, આરોગ્ય અને ઔષધીય ગુણોનાં સોના જેવું ઉત્તમ આમળુ માનવ માટે આશીર્વાદ રૂપ જીવન ફળ છે. અલૌકિક અમૃત ફળ છે.

આમળા વૃક્ષ એક અતિ પવિત્ર વૃક્ષ ગણાય છે. આપણા ધાર્મિક ગ્રંથો, વેદો, પુરાણો, વિગેરમાં આમળાના ધાર્મિક અને સ્વાસ્થ્યના મહિમાનાં ઘણાં વર્ણનો જોવા મળે છે. તેથી તે પ્રાચીન કાલથી ધાર્મિક તથા ચિકિત્સા કાર્યોમાં સદા પ્રયોજાતું રહ્યું છે. આ વૃક્ષ ધરતીમાતા તરીકે પૂજાય છે અને માનવજાતને પોષવા માટે તેના ફળ ઘણા પૌષ્ટિક, સ્વાસ્થ્યપ્રદ અને આયુર્વેદિક ગણાય છે. આમળા વૃક્ષની ગણના ગામમાં પાંચ પવિત્ર વૃક્ષોમાં થાય છે.

કાર્તિક મહાત્મા અને વ્રતકુમુદિની આ ઝાડને સેવનથી શરીરમાં લક્ષ્મીનો (આરોગ્યરૂપી લક્ષ્મી) વાસ થાય છે. આમળા વૃક્ષ વિષ્ણુ ભગવાનનું પ્રિય વૃક્ષ મનાય છે. તેમાં ભગવાન ધનવંતરીનો પણ વાસ માનવામાં આવે છે.

ભગવાન શ્રી સત્યનારાયણવ્રત, શનિપ્રદોષવ્રતમાં સંમ્બા (Samba) અને નિત્ય સોમવાર વ્રતમાં અને ગૌરીને આમળા પાન અર્પણ કરાય છે તેના ફળ અને ફૂલોનો પણ પૂજામાં ઉપયોગ થાય છે.

કાર્તિક મહિનામાં આમળા વૃક્ષની વિશેષરૂપે પૂજા થાય છે. હિમાચલ પ્રદેશમાં તથા બીજે પણ કાર્તિકમાં આમળા વૃક્ષ અને નિર્મળ તથા પવિત્ર કરનાર તરીકે પૂજાય છે.

● કાર્તિક સુદ નોમ : - આ દિવસને આમણા નવમી કે 'અક્ષય નવમી' પણ કહે છે. આ દિવસે આમળાના વૃક્ષનું પૂજન કરવાથી સૌભાગ્ય વર્ધક સ્થાન પ્રાપ્ત થાય છે. આ દિવસે સ્ત્રીઓ ઉપવાસ રાખે છે. કુમકુમ, ચંદન, પુષ્પ, અક્ષત અને નૈવૈદ્યથી આમળા વૃક્ષની પૂજા કરવામાં આવે છે અને વૃક્ષના મૂલળમાં જળનું અર્ધ્ય આપવામાં આવે છે. આ દિવસે આમળાનાં વૃક્ષની છાયા નીચે બ્રહ્મભોજન કરવાનું અતિ મહત્ત્વનું માનવામાં આવે છે. તેથી મોટું પુણ્ય મળતું મનાય છે. આ દિવસે આમળાના વૃક્ષની ધૂપ-દીપ પ્રગટાવીને પૂજા કરાય છે. સુતર બાંધે છે અને અન્ય રીતે પૂજા કે ધાર્મિક વિધિઓ કરાય છે. વૃક્ષમાં જીવની પ્રતિષ્ઠા પણ કરાય છે.

● કાર્તિક સુદ એકાદશી :-

આ દિવસને 'આમલકી એકાદશી' પણ કહે છે અને ઉજવાય છે. બ્રાહ્મણો અને વૈદ્યો, ખાસ તો પ્રતાપગઢ (ઉત્તરપ્રદેશ) ના બ્રાહ્મણો આ દિવસે આમળા વૃક્ષની પૂજા કરે છે અને તેના પાન ભગવાન શંકરને અર્પણ કરે છે. આમળાને 'શિવ વૃક્ષ' (કલ્યાણકારી વૃક્ષ) શિવા કે દિવ્યા કહે છે.

● કાર્તિક સુદ ચૌદશ :- આ દિવસે, ખાસ તો ઉત્તરપ્રદેશમાં, લોકો આમળાના વૃક્ષની છાયામાં સમુહભોજન કરીને ઉત્સવ મનાવે છે અને આમળા વૃક્ષને વંદન કરીને આશીર્વાદ માગે છે કે 'આમળાની કૃપા અમારા પરિવાર ઉપર હંમેશા રહો.'

● મહા-સુદ એકાદશી :- આમળા વૃક્ષની ઉત્પત્તિનો આ દિવસ મનાય છે. ઉત્તરભારતના લોકો આ પવિત્ર દિવસે આમળા વૃક્ષ ઉપર પુષ્પમાળા ચઢાવે છે એ આમળાની સપરિવાર ઉપર કૃપા માગે છે.

હિન્દુશાસ્ત્રોમાં ભલામણ છે કે ઉપવાસ પછી ચાલીસ દિવસ આમળાના પાકા ફળ ખાવા જેવી તંદુરસ્તી અને જીવનશક્તિ ફરી મેળવી શકાય (કાયાકલ્પ.)

ગરુડપુરાણમાં જણાવેલ છે કે લક્ષ્મીની કામના કરનારાઓએ હંમેશા આમળાયુક્ત જળથી સ્નાન કરવું.

જે વ્યક્તિ આમળાનું એક વૃક્ષ વાવે છે તેને રાજસૂય યજ્ઞ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. જે વ્યક્તિ પાંચ આમળાના વૃક્ષ વાવે છે તેને અનેક ઘણું દાન અને યજ્ઞો કર્યા જેટલું પુણ્ય મળે છે.

'ધાત્રિફલં પરં પૂતં સર્વલોકેષુ વિશ્રુતમ્ ।
યસ્ય રોપાન્નરોનારી મુચ્યતે જનમબન્ધનાત્ ॥'

"શ્રી હરિ કહે છે કે, આમળાનું ફળ સંપૂર્ણ લોકમાં સૌથી અધિક પ્રસિદ્ધ અને પવિત્ર ફળ છે, આ માટે આમળાના વૃક્ષોરોપણનું બહું જ મહત્ત્વ છે. આને લગાવવાથી નર-નારી સાંસારિક જન્મ-મરણના દુઃખમાંથી બંધનથી છુટકારો મેળવી શકે છે."

(પદમ્પુરાણ, સૃષ્ટિ ખંડ, અધ્યાય-૨૬, શ્લોક-૨)

આ શ્લોકની અંદર જ કહ્યું છે કે, જો કારતક મહિનામાં 'હરિની' આરાધના આમળાના વૃક્ષની પાસે બેસીને કરવામાં આવે તો માનવ વૈકુંઠની પ્રાપ્તિ કરે છે.

તિષ્યફલા - તિષ્યં મંગલ્ય ફલમસ્યાઃ ।
કલિયુગે ફલમસ્યા સેવ્યા ।

કલિયુગમાં જેના ફલનાં સેવનથી મંગળ ફળ મળે છે. જેનું ફળ માંગલિક છે.

વાસ્તુશાસ્ત્ર અનુસાર ઉત્તર-પૂર્વના ખૂણામાં આમળાનું વાવેતર આર્થિક સમૃદ્ધિ અને સુખ લાવે છે. વાસ્તુશાસ્ત્રમાં વૃક્ષોનો માનવથી સંબંધ જણાવવામાં આવ્યો છે. તેમાં આમળા પણ છે. આમળાનું વૃક્ષ ઘરની સીમામાં હોવું શુભ માનવાંં આવે છે. આ વૃક્ષના લગાવવાથી અશુભ ફળ નષ્ટ થાય છે. ઘરમાં વ્યાધિઓ આવતી નથી. ઘરની પાસેમાં આમળાથી ઝાડ હોવું આધ્યાત્મિકતાનું દર્શન મનાય છે.

એફ.આઇ.આર. નોંધવી એ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ-૧૫૪ મુજબ ફરજીયાત છે : સુપ્રિમ કોર્ટ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

સુપ્રિમ કોર્ટે તાજેતરમાં એફ.આઇ.આર. નોંધવા બાબતે થયેલ કન્ટેમ્ટ પીટીશનમાં મહત્ત્વનો ચુકાદો આપતાં જણાવ્યું છે કે પોલીસ ઓફિસર કોગ્નિઝેબલ ગુનો નોંધાવાની ના પાડી શકે નહીં : સગીરાની કન્ટેમ્ટ પીટીશન અંગે પાંચ જજોની લાર્જર બેંચનો મહાયનો ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટે એફ.આઇ.આર.ના મામલે મહત્વપૂર્ણ ડાયરેકશન આપેલ છે જે મુજબ પ્રથમ બાતમી અહેવાલ રજીસ્ટ્રર કરવી એ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૫૪ મુજબ ફરજિયાત છે. જો મળેલી માહિતી કોગ્નિઝેબલ ગુનો ગણાય તો પ્રાથમિક તપાસની જરૂર નથી ડાયરેક્ટ એફ.આઇ.આર. જ કરવી જોઇએ. અને આરોપીની ધરપકડ કરવી જોઇએ. ગુનો કોગ્નિઝેબલ જણાય કે ના જણાય તો પણ પ્રાથમિક અહેવાલ નોંધી તપાસ કરવી જોઇએ. પ્રાથમિક તપાસમાં જ ફરિયાદ બંદ થઈ જાય તો ફરિયાદીને એક અઠવાડિયામાં તપાસનો રીપોર્ટ સોંપવો જોઇએ. કોગ્નિઝેબલ ગુનો નોંધવાની ના પાડનાર તપાસ અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મળેલ માહિતી દ્વારા નક્કી કરવાનું હોય છે કે ગુનો કોગ્નિઝેબલ છે કે નોન કોગ્નિઝેબલ.

કોગ્નિઝેબલ ગુનોની સમજૂતી પોલીસ ઓફિસર કોગ્નિઝેબલ ગુનો નોંધાવાની ના પાડી શકે નહીં એનું સુપ્રિમ કરોટે ડાયરેકશન આપેલ છે. કોગ્નિઝેબલ એટલે પોલીસ અધિકારનો ગુનો જેના માટે અને પોલીસ અધિકારીનો કેસ એટલે એવો કેસ જેમાં પોલીસ અધિકારી પહેલી અનુસુચિ અનુસાર અથવા તે સમયે અમલમાં હોય તે કાયદા હેઠળ વગર વોરંટે આરોપીને ધરપકડ કરી શકે છે.

સગીરાની ફરિયાદ લેવાનો પોલીસ અધિકારી દ્વારા ઇન્કાર કરવામાં આવતા મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચતા ના. સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત મુજબ ડાયરેશન આપેલ છે.

કોર્ટ સમગ્ર મામલો પાંચ જજોની લાર્જર બેંચ સમક્ષ મુકી અગાઉની સુપ્રીમ કોર્ટના એફ.આઇ.આર. અંગેના ચુકાદાઓ ધ્યાનમાં લઇ ઉપરોક્ત ડાયરેકશન પોલીસ અધિકારીને આપેલ છે.

ડાયરેકશનનું પાલન નહીં કરનાર સામે કન્ટેમ્પ ઓફ કોર્ટની કાર્યવાહી કરવામાં આવશે જે લોકો આર્થિક રીતે સદ્ધર ના હોય કે તેઓ હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટ પહોંચ શકવા સક્ષમ ના હોય તેઓ રાજય કાનૂની સેવા સભા મંડળના નિયમોમાં આવતા હોય તેવા વ્યક્તિઓ નિઃશુલ્ક કાયદાકીય અને તેમની સેવા પણ મેળવી શકે છે.

પ્રાથમિક તપાસ એવા પ્રકારની અને કયા સંજોગોમાં કરવી તે કેસોના તથ્યો, તારણો, કારણો, તકરારો અને તેના સંજોગો ઉપર આધારિત છે. સુપ્રિમે વિવાહિત તકરારો કૌટુંબિક કારણો વગરના ત્રણ મહિનાથી વધુનો સમય વિલંબ થયેલા કેસોને પ્રાથમિક તપાસ થઇ શકે તેવા ગુનાનો સમાવેશ કર્યો છે.

આવી તપાસ સાત દિવસમાં કરવી જોઇએ અને જો વિલંબ થાય તો તેના કારણો ડેઇલી ડાયરીમાં તપાસ કરનાર અધિકારીએ નોંધવા જોઇએ.

પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલી જનરલ ડાયરી, સ્ટેશન ડાયરી, ડેઇલી ડાયરીમાં જાહેર થયેલા ગુના સંબંધે દરેક માહિતી નોંધવી ફરજિયાત છે.

પ્રથમ માહિતીના આધારે એફ.આઇ.આર. ના નોંધવાથી ફરિયાદીના અધિકારનો ભંગ થાય છે અને આરોપીને પુરાવાને નાશ કરવાનો સમય મળી રહે છે અગર તો ભાગવાનો સમય મળી રહે છે. પરંતુ કેટલાક સંજોગોમાં સ્પષ્ટ રીતે કોગ્નિઝેબલ ગુનો છે તેવું પુરવાર થતુ ના હોય પરંતુ એફ.આઇ.આર. રજીસ્ટ્રર કરવાથી સામાપક્ષને અન્યાય થવાની વિશેષ શક્યતાઓ છે.

ભારતીય કાયદામાં પ્રથમ અહેવાલ એફ.આઇ.આર.માં મહત્ત્વનો દસ્તાવેજ માનવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ તપાસને આગળ વધારવા તથા ઉચ્ચ તપાસ અધિકારીઓને ગુના અંગેની તપાસ માહિતી મળી રહે અને આરોપીઓની ધરપકડ કરી શકે તેવો છે.

ઉપરોક્ત ચર્ચાઓ બાદ સુપ્રીમ કોર્ટની ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડિયા દ્વારા નિમાયેલી લાર્જર બેંક દ્વારા આ મામલે આઠ જેટલા ડાયરેકશન આપવાનું નક્કી કરી કોર્ટે આ ડાયરેકશનના પ્રતિનિધિઓ ઉચ્ચ અધિકારીઓ અને યુનિયન ટેરેટરીઝના ઉચ્ચ અધિકારીઓને સાંભળી તેમના અભિપ્રાયો ધ્યાને લઇ રાજયના તમામ તપાસ એજન્સીને ઉપરોક્ત મુદ્દાઓ અનુસરી એફ.આઇ.આર. નોંધવા માટે ફરજિયાત જણાવેલ છે. જેથી કરીને એફ.આઇ.આર.ના નોંધવાના કારણે ફરિયાદ પક્ષને થતું નુકશાન તથા ન્યાય મેળવવામાં વંચિત ના રહી જાય તથા આરોપી પોતાનું ધાર્યું કરી કાયદાનો દુરપયોગ કરી ગુનામાંથી છટકી ના જાય તે જોવાનું તપાસ અધિકારીએ જોવું જોઇએ.

સંગીત સંવેદના જન્માવે છે, વેદના ભગાડે છે, સંગીત સ્પંદન જગાડે છે, ક્રંદનને હરે છે

બાલ-સ્વરવિશ્વ

- હર્ષદ પ્ર. શાહ

આજે મારે જીવન-ઘડતરના એક અતિ મહત્ત્વપૂર્ણ આયામની વાત કરવી છે.

વાત છે સંગીની.
સંગીત વિનાનું જીવન સૂનું છે.
વાત છે સૂરની.
સૂર વિનાનું જીવન બેસુરૂં છેય
વાત છે લયની.
લય વિનાનું જીવન ગતિહીન છે.
વાત છે તાલની.
તાલ વિનાનું જીવન બેહાલ છે.

સંગીત એક દિવ્ય તત્ત્વ છે. એમાં શબ્દ, સ્વર, સૂર, તાલ અને લયનું સંયોજન છે. એમાં લયબદ્ધતા અને અનુશસાસન છે. એમાં ભલભલા મનુષ્યને ડોલાવવાની તાકાત છે. શબ્દ, સ્વર અને તાલના ત્રિવેણીસંગમ પાસેથી લયબદ્ધ વહેતી સંગીતધારા દિવ્ય આનંદના સાગરને મળે ત્યારે જીવ અને શિવ એકાકાર થઇ જાય છે. સ્વરના આરોહ અને અવરોહની મદદથી મનુષ્ય વ્યામોહને ત્યાગી આનંદનાં બે અંતિમ બિંદુ- ઊંડાઇ અને ઊંચાઇ, બંનેને સ્પર્શે છે.

સંગીત સંવેદના જન્માવે છે, વેદના ભગાડે છે. સંગીત સ્પંદન જગાડે છે, ક્રંદનને હરે છે.

સંગીત... સાધના છે... એકાગ્રતાની આરાધના છે.

સંગીતમાં માનવને માનવ સાથે,
માનવને પશુ-પંખી સાથે
જોડવાની તાકાત છે.

હૃદયોર્મિને ઝંકૃત કરવાની તાકાત સંગીતમાં છે. પાષાણમાં પણ ચૈતન્ય પ્રગટાવવાની એનામાં ક્ષમતા છે.

જીવનની અવિરત દોડધામ... ભૌતિક સંપત્તિ માટેનો અથાગ પરિશ્રમ... અને પછી... માત્ર થોડી ક્ષણોનું સંગીત માનવને શાતા બક્ષે છે. પાર્થિવ જગતને ભુલાવી દેવાની ક્ષમતા સંગીતમાં છે. દેવી સરસ્વતીની વીણા સંગીતનો મહિમા ગાય છે.

જે કંઠમાંથી મનુષ્યમાં ભક્તિ જગાડી શકાય, બાળગીતો દ્વારા બાળકમાં આનંદ સાથે જીવનશિક્ષણ આપી શકાય અને દેશભક્તિનાં ગીતો દ્વારા રાષ્ટ્રભક્તિ જગાડી શકાય.

સંગીતમાં જુદા જુદા રૂપોમાં જીવનના વિવિધ આયામોને સ્પર્શવાની અને એને પરિણામકારક બનાવવાની શક્તિ છે.

મને સ્પષ્ટપણે એવું લાગે છે કે આપણા જીવનને સંગીત હર્યુંભર્યુ બનાવી શકે.... પણ, અત્યારે તો એની ઊણપ અને ઓછપ જ વર્તાય છે.

આવી ઊણપ કહો તો ઊણપ અને ક્ષતિ ગણો તો ક્ષતિ.... એની પૂર્તિ કરવાનું એક મહત્ત્વપૂર્ણ કામ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કર્યું છે.

દિનાંદ ૧૧ નવેમ્બર, ૨૦૧૩ના દિવસે યુનિવર્સિટીએ તૈયાર કરેલી ત્રણ ઓડિયો સીડીનું લોકાર્પણ મા. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણમંત્રી; મા. વસુબહેન ત્રિવેદી, શિક્ષણમંત્રી (રાજય) અને સૂર્યા ફાઉન્ડેશનના ચેરમેન શ્રી જયપ્રકાશ અગ્રવાલજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. ગાંધીનગરમાં સેક્ટર-૧૦માં સ્થિર 'ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ'ના સભાખંડમાં ૪૦૦ જેટલાં પ્રબુદ્ધ જનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આવો ભવ્ય કાર્યક્રમ યોજાઇ ગયો.

ત્રણ ઓડિયો સીડીમાંની એક સીડી 'મારા આંગળાનો જાદુ' બાળગીતોની સીડી છે, જેમાં સુંદર મઝાનાં ૧૨ બાળગીતો સમાવવામાં આવ્યા છે. આ ગીતોને સંગીત આપ્યું છે ગુજરાતના નીવડેલા સંગીતકારો શ્રી શ્યામલ અને શ્રી સૌમિલ મુનશીએ. ગીતોના શબ્દ-ભાવને અનુરૂપ હળવી અને હાસ્યસભર શૈલીમાં એની ઉદ્દ્યોષણા લખી છે શ્રી મહેન્દ્રભાઇ ચોટલિયાએ. ઐશ્વર્યા મજમુદાર, શ્રુતિ મોદી, હરિતા દેસાઇ, મમતા શર્મા જેવા ૧૦ શ્રેષ્ઠ ગાયકો અને બીજા ૧૦ બાળ કલાકારોના મધુર છતાં બાળસહજ કંઠે ગવાયેલા આ ગીતો અનેરો થનગનાટ ઉપજાવે છે. નાનાં-મોટાં સૌને ગાતાં કરી દે.... નાચતાં કરી દે એવાં મજાના આ બાળગીતો બાળકોનું અનેક વિષયોમાં સહજ શિક્ષણ પણ કરે છે. આંગણવાદીની બહેનો અને પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તો અનેરી રસલ્યાણ છે... અનુપમ સોગાદ છે.

બીજી સીડી - પ્રેરણાગીતોની.... 'અંતરનો એક તાર...' અંતરના તારને ઝણઝણાવી મૂકે અને હૃદયની ચેતના-સંવેદનાને જગાડી દે એવાં ૧૨ ભાવગીતો... પ્રેરણાગીતો... આમાં સમાવવામાં આવ્યાં છે. કવિવર રવીન્દ્રનાથ ઠાકુર, સુન્દરમ્, ઝવેરચંદ મેઘાણી તથા ભાનુપ્રસાદ વ્યાસ (બાદરાયણ) જેવા સુપ્રસિદ્ધ કવિઓની સુંદર રચનાઓને ગુજરાતના સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી રવિ નાયકે સંગીતથી સજાવી છે. પ્રત્યેક ઘરમાં પ્રત્યેક વ્યક્તિ માણી શકે અને ભક્તિરસથી ભીંજાય એવા આ પ્રેરણાગીતો ઘરમાં સંસ્કારિતાનાં તેજ પાથરવાની ક્ષમતા ધરાવે છે. સાધના સરગમ, દીપાલી સોમૈયા અને સ્વયં રવિન નાયકના મધુર સ્વરમાં આ ગીતો ગવાયાં છે બીજા પણ ઘણા ગાયકોના મધુર કંઠને પરિચય આ સીડીના ગીતોમાં થાય છે.

ત્રીજી સીડી છે - રાષ્ટ્રચેતના 'એક દેશ સંદેશ એક.' આ સીડીમાં દેશભક્તિથી ઓતપ્રોત એવાં ૧૧ ગીતો સમાવાયા છે. બાળકોમાં ભારત પ્રત્યેની ભક્તિ જગાડવાનું, ભારતના પુત્રો તરીકે કર્તવ્યભાન જગાડવાનું, માનવતાના મૂલ્યો પ્રસ્થાપિત કરવાનું અને કર્મવીર બનવાનું સામર્થ્ય જગાડતાં આ ગીતો રોમાંચ ખડો કરી દે છે. શાળામાંથી સાંસ્કૃતિક કાર્યક્રોરમાં અભિનય સાથે મંચન કરી શકાય એવા ઓજસ્વી ગીતોને સંગીતથી મઢ્યા છે મૂળ ગુજરાતના પણ અત્યારે મુંબઇમાં વસતા પંડિત જસરાજજીના શિષ્ય પરેશ નાયકે અને એમાં સ્વર આપનારાં ગાયક કલાકોર છે - માલિની પંડિત, અમન લેખડિયા, દિવિજ નાયક, હિમાલી વ્યાસ અને પાર્થ ઓઝા તથા બીજા સહગાયકો.

બીજી અને ત્રીજી સીડીની ઉદ્દ્યોષણા યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહે લખી છે.

આ ત્રણે સીડી ગુજરાતના બાળકો માટે, પ્રત્યેક શાળા માટે અને પ્રત્યેક ઘર માટે એક નજરાણા સમાન છે. હું આશા સેવું છું કે ગુજરાતની જનતા - જનાર્દન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આ 'બાલ સ્વરવિશ્વ'ના પ્રયત્નને સહર્ષ આવકારશે. આપના પ્રોત્સાહનથી અમે આ શૃંખલાને આગળ વધારવાની પ્રેરણા મેળવીશું.